# શહેરની શાળાઓમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૮
ગાંધીનગરની શાળાઓમાં ૬૬મા પ્રજાસત્તાક દિની ઉજવણી ભારે હર્ષોલ્લાસ અને વિવિધ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોથી કરવામાં આવી હતી.








આ પ્રસંગે વિદ્યાર્થીઓ દેશભક્તિમાં રસતરબોળ થઈ ગયા હતા. અને ત્રિરંગાને સલામી આપી રાષ્ટ્રગીતનું ગાન કર્યું હતું.

● કડી કેમ્પસની એમ.બી. પટેલ કન્યા સ્કૂલ

એમ.બી. પટેલ કન્યા સ્કૂલમાં સવારે ૮.૦૦ વાગે પ્રજાસત્તાક દિનની ઉજવણીનો પ્રારંભ કરાયો હતો. આ ઉજવણીમાં ધ્વજારોહક તરીકે સંસ્થાના પ્રમુખ કનુભાઈ પટેલ અને મહેમાન પદે દાતા વિષ્ણુભાઈ પટેલ ઉપસ્થિતરહ્યા હતા. આ ઉજવણીમાં વિવિધ રાજ્યોના ટેબ્લો અને લોકનૃત્યો રજુ કરાયા હતા. તેમજ વ્યસનમુક્તિ અને સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

● સે. ૬માં આવેલ સરસ્વતી વિદ્યાલય

સેક્ટર-૬માં આવેલ સરસ્વતી વિદ્યાલય ખાતે ૬૬મા પ્રજાસત્તાક દિને શાળામાં કે.જી.માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની જિયાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા અને મહેમાનપદે ઉપસ્થિત વિનોદભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યુંહતું. શાળા પરિવારે બાળકોને તેમજ વાલીગણને ચોકલેટ ખવડાવી મોં મીઠુ કરાવ્યું હતું.

● સે. ૨૩માં સી.એમ. હાઈસ્કૂલ

સર્વ વિદ્યાલય કેમ્પસની સી.એમ. હાઈસ્કૂલ દ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં નાગાલેન્ડ રાજ્યનો ટેબ્લો બનાવવામાં આવ્યો હતો અને વિદ્યાર્થીઓએ નાગાલેન્ડનું પરંપરાગત લોકનૃત્ય પણ રજુ કર્યું હતું. આ ઉપરાંત નાગાલેન્ડ રાજ્ય આધારિત પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ જુદા જુદા વિષય પર ચાર્ટ રજૂ કર્યા હતા.

● લેકાવાડાની ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ

લેકાવાડા ખાતે આવેલ ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં યોજાયેલ પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં સરદાર સરોવર નિગમના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર પ્રો. આર.બી. મારવીયા મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા. આ દિવસે વાલી રમતોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંગીત ખુરશી, કોથળાદોડ, જલેબી વાળી ૧૦૦ મી. દોડ, ૧ મિનિટની રમત, રસ્સા ખેંચ, ત્રિપગી દોડ, રાયફલ શુટિંગ વગેરે રમતો રમાડવામાં આવી હતી. આ ઉપરાંત રંગોળી સ્પર્ધા, આરતી થાળી ડેકોરેશન જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી.

● સે. ૧૫માં સરકારી પ્રાથમિક શાળા

સે. ૧૫માં ફતેપુરા ખાતે આવેલ સરકારી પ્રાથમિક શાળાના પટાંગણમાં સવારે ૮.૩૦ વાગે યોજાયેલ પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં ગ્રામજનો, એસએમસીના સભ્યો, વાલીઓ તથા બાળકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં બાળકોએ દેશભક્તિના ગીતો અને વેશભૂષા રજૂ કરાઈ હતી. બાળકોને ચંદુજી ઠાકોરે આઝાદીનુ મહત્વ સમજાવ્યું હતું. અંતમાં બાળકોને ચોકલેટ ખવડાવી મોં મીઠુ કરાવાયું હતું.

● વાવોલની એમ.બી. પટેલ સાર્વજનિક સ્કૂલ

વાવોલની એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય ખાતે પ્રજાસત્તાક દિન રાષ્ટ્રીય પર્વની ધામધૂમથી ઉજવણી કરાઈ હતી. જેમાં સમારંભના અધ્યક્ષ પદે અમરસિંહ ગોલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં બાળકોએ ડાન્સ, લોકગીત, દેશભક્તિ ગીત, વક્તૃત્વ, કરાટે, યોગ પિરામિડ, નાટક વગેરે પ્રસ્તુત કર્યા હતા. આ કાર્યક્રમમાં ગામના સરપંચ કમલેશસિંહ ગોલે વિકાસ કાર્યો માટે રૂપિયા ૧૦,૦૦૦નું દાન કર્યુ હતું. આ પ્રસંગે કુબેરસિંહ ગોલ, સાહિત્યકાર નટવર હેડાઉ, વિક્રમસિંહ ગોલ, બળદેવજી ગોલ, કુ. પુષ્પાબેન ગોલ તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં તેજસ્વી બાળકોનું સન્માન કરાયું હતું.

## સે. ૧૪માં પ્રજાસત્તાક દિનની હર્ષોલ્લાસભરી ઉજવણી

### નિવૃત્ત ફ્લાઈંગ ઓફિસર ઉમેશ ગુપ્તાએ ત્રિરંગો લહેરાવ્યો : રમતો અને સ્વચ્છતા મિશન હરિફાઈ યોજાઈ : વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા

ગાંધીનગર, તા. ૨૮
ગાંધીનગરના સે. ૧૪માં મહાત્મા મંદિર પાસે વસાહતીઓ દ્વારા તા. ૨૬મી જાન્યુઆરીએ ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં એરફોર્સના નિવૃત્ત ફ્લાઈંગ ઓફિસર ઉમેશ ગુપ્તા દ્વારા ત્રિરંગો લહેરાવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સલામી પરેડ યોજવામાં આવી હતી અને શૌર્યગીતોની રમઝટ જમાવવામાં આવી હતી.

આ કાર્યક્રમ દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છતા મિશન હરિફાઈનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિવિધ રમતોનું પણ આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં બાળકોને ગુપ્તા પરિવાર તરફથી ઈનામોનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે મહેન્દ્રભાઈ સુથાર, શ્યામાબેન ગુપ્તા, ઉષાબેન ચૌહાણ, મહેન્દ્રભાઈ ચૌહાણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા રાજીવ ગુપ્તા અને કનુભાઈ દેસાઈએ જહેમત ઉઠાવી હતી.

## સી.એમ. હાઈસ્કૂલનું ગૌરવ



ગાંધીનગરના સર્વવિદ્યાલય કેમ્પસની શેઠ સી.એમ. હાઈસ્કૂલના ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થી હિતાર્થ ભૂપેન્દ્રકુમાર શ્રોત્રિયની તાજેતરમાં જયપુર ખાતે રમાયેલ ૨૨મી એમેચ્યોર ક્રિકેટ ટૂર્નામેન્ટ માટે પંજાબની ટીમમાં પસંદગી કરાઈ હતી. હિતાર્થના આ ટુર્નામેન્ટમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન થકી પંજાબની ટીમે રનર્સઅપ બની સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો. રાજ્યનું તથા ગાંધીનગર શહેર સહિત સ્કૂલનુંનામ રોશન કરવા બદલ હિતાર્થને તથા તેના કોચ એલ.એલ. મિશ્રાને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## ત્રણ વર્ષથી વોન્ટેડ ચોરીનો આરોપી ફતેપુરાથી પકડાયો

ગાંધીનગર, તા. ૨૮
વસઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં વર્ષ-૨૦૧૨માં ચોરી કરીને ગુનામાં નામ ખુલ્યા બાદ નાસતો ફરતો આરોપી ગાંધીનગર ફતેપુરા વિસ્તારમાંથી ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમના હાથે ઝડપાઈ ગયો છે. છેલ્લા ત્રણ વર્ષથી વોન્ટેડ આ શખ્સને એસઓજીની ટીમે પકડી પાડીને વસઈ પોલીસને સોંપી દીધો છે.

ગાંધીનગર ડીએસપી શરદ સિંઘલની સુચનાથી રેન્જના વિવિધ પોલીસ સ્ટેશનમાં બનેલા ગુનાઓના વોન્ટેડ આરોપીઓને પકડવા ગાંધીનગર એસઓજીની ટીમ તે દિશામાં સક્રિય થઈ છે. ત્યારે એસઓજી પીઆઈ જે.ડી. બ્રહ્મભટ્ટ તથા તેમની ટીમના પીએસઆઈ ઉત્સવ બારોટ, એન.જે. જાડેજા તથા માણસોએ બાતમીને આધારે મહેસાણા જિલ્લાના વસઈ પોલીસ સ્ટેશનના ચોરીના ગુનામાં વોન્ટેડ એક શખ્સને પકડી પાડ્યો છે. વર્ષ-૨૦૧૨ થી એટલે કે છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા મુળ રાજસ્થાનના તથા હાલ સે. ૧૫ ફતેપુરા ગાંધીનગર ખાતે રહેતા જેઠા ઉર્ફે જેઠુલાલ ધીસાજી ગુર્જરને ઝડપી પાડી ગાંધીનગર એસઓજીની ટીમે વસઈ પોલીસને આરોપી સોંપી દીધો છે.

## લવારપુર-પ્રાંતિયા માર્ગ પર વિચિત્ર અકસ્માત

### નાના-મોટા પાંચેક વાહનો એકબીજા સાથે ટકરાયાં : હાઈવેને ફોર લેન કરવાની માંગણી પ્રત્યે તંત્રની બેદરકારીના કારણે ગ્રામજનોમાં રોષની લાગણી

ચિલોડા, તા. ૨૮
ગાંધીનગર તાલુકાના ચિલોડા પાસેના લવારપુર-પ્રાંતિયા હાઈવે પર એક વિચિત્ર અકસ્માતમાં તા. ૨૭મી જાન્યુઆરીએ નાના-મોટા પાંચેક વાહનો ટકરાતા બેને ઈજા પહોંચી હતી,. જ્યારે એક બાઈકનો ભુક્કો થઈ ગયો હતો. આ અકસ્માતને કારણે હાઈવે પર ચાર કલાક સુધી ટ્રાફિક જામ થઈ જવા પામ્યો હતો.



(તસવીર : નટુભાઈ પટેલ)

ચિલોડાથી નરોડા તરફ જતા નેશનલ હાઈવે પર અકસ્માતોની સંખ્યા દિન પ્રતિદિન વધતી જતી હોવાથી તાજેતરમાં આ રોડ પરના ૧૨ ગામોના ગ્રામજનોએ હાઈવેને ફોરલેન કરવાની માંગ સાથે ઉગ્ર આંદોલન કર્યું હતું.

આંદોલનને શાંત પાડવા સત્તાવાળાઓ તરફથી સત્વરે ફોરલેનનું કામ ચાલુ કરવાની હૈયાધારણ અપાઈ હતી. પરંતુ હજુ સુધી સત્તાવાળાઓ આ કાર્ય પ્રત્યે બેદરકાર જણાય છે. આ રોડ પર આવેલ લવારપુર-પ્રાંતિયા પાસે મંગળવારે સર્જાયેલા વિચિત્ર અકસ્માતમાં નાના-મોટા ચાર પાંચ વાહનો એકબીજા સાથે ટકરાયા હતા. જેમાં બે વ્યક્તિને ઈજા પહોંચી હતી અને એક બાઈકના ભુક્કા બોલી ગયા હતા. આ માર્ગ પર બાઈકની ચેઈન લોક થઈ જતા તેની પાછળ આવી રહેલ કન્ટેનરને ઉદેપુર જતી એસટી બસ ટકરાઈ હતી અને બસની પાછળ એક પીકઅપ ડાલુ ઘુસી ગયુ હતુ.

આ અકસ્માતમાં બાઈક સવાર રીતેશ કેશાજી ચૌહાણ રહે. ધનીયોલ તથા કુણાલભાઈ રમેશભાઈ ગોહિલ રહે. અમરાપુરને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને લઈ જવાયા હતા. આ અકસ્માતના પગલે ચાર કલાક સુધી ટ્રાફિક જામ થઈ જવા પામ્યો હતો.

## લીંબડીયા પુલ પરના ચેઈન સ્નેચીંગનો ભેદ ઉકેલાયો

### ડભોડા પાસેથી પકડાયેલા બે ચેઈન સ્નેચરનાં ઈન્સ્ટ્રોગેશનમાં વધુ એક સાગરીતનુ નામ ખુલ્યુ

ગાંધીનગર, તા. ૨૮
ડભોડા ત્રણ રસ્તા પાસે ટુ વ્હીલર પર જતાં દંપતિને ટાર્ગેટ બનાવી ચેઈન સ્નેચીંગનો પ્રયાસ કરીને ભાગેલા બે શખ્સોને ડભોડા પોલીસે બે દિવસ અગાઉ ઝડપી પાડ્યા હતા. રિમાન્ડ દરમ્યાન પોલીસે કરેલી ઊંડી પુછતાછમાં વધુ એક આરોપીનુ નામ ખુલ્યુ છે તે ઉપરાંત વધુ એક ચેઈન સ્નેચીંગના ગુનાનો ભેદ પણ ઉકેલાવા પામ્યો છે. ડભોડા પોલીસે વોન્ટેડ સાગરીતની શોધખોળ શરૂ કરી છે.

ડભોડા માઢવાસમાં રહેતા જગદીશભાઈ પટેલ તેમની પત્નિ નયનાબેનને એક્ટીવા પર બેસાડીને ડભોડા ત્રણ રસ્તા પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમની પત્નિના ગળામાંથી દોરો લુંટવાનો પ્રયાસ કરી બે શખ્સો ભાગી ગયા હતા. ડભોડા પીએસઆઈ પી.જે. સોલંકી તથા તેમની ટીમે લીંબડીયા કેનાલ પાસેથી બંને શખ્સો ચંદ્રસાગર ઉર્ફે રાહી ધમંડે તથા સુમીત ઘાંચીની ધરપકડ કરી લીધી હતી. બંનેની રિમાન્ડ દરમ્યાન કરેલી પુછપરછમાં વધુ એક સાગરીતનુ નામ ખુલવા પામ્યુ છે. સુમિત ઘાંચી અને તેના સાગરીત આકાશ પ્રકાશ ઈન્દ્રેકર (રહે. સરદારનગર)એ મળીને બે મહિના પહેલા લીંબડીયા કેનાલ પર ચેઈન સ્નેચીંગ કર્યુ હતું. જેમાં એક સોનાનુ મંગળસુત્ર અને એક દોરો મળી રૂ. ૬૫ હજારનો મુદ્દામાલ લુંટી ગયા હતા. ડભોડા પોલીસે વધુ એક ચેઈન સ્નેચરનુ નામ ખુલતા તેની શોધખોળ શરૂ કરી દીધી છે.

## દહેગામના કરોલી ખાતે નર્મદા સબ માયનોર કામનો શુભારંભ

ગાંધીનગર, તા. ૨૮
ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કરોલી ખાતે આજરોજ ગાંધીનગર જિલ્લાના ૧૮૦૦ હેક્ટર પિયત વિસ્તારમાં યુ.જી.પી.એલ. સબમાઈનોરના કામનો શુભારંભ ખાતમૂહૂર્ત દ્વારા કરવામાં આવ્યો હતો. કાયદો - ન્યાયતંત્ર, દેવસ્થાન, યાત્રાધામ વિકાસ રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા અને રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ, જળસંપત્તિ રાજ્ય મંત્રી શ્રી નાનુભાઈ વાનાણીના હસ્તે આ પ્રસંગે ખાતમુહૂર્ત વિધિ સંપન્ન થઈ હતી.



જળસંપત્તિ રાજ્ય મંત્રી શ્રી નાનુભાઈ વાનાણીએ આ પ્રસંગે ઉપસ્થિત ખેડૂતો, ગ્રામજનોને સંબોધતા જણાવ્યું હતું કે, ખેડૂતોના ખેતરમાં પાઈપલાઈન દ્વારા પાણી પહોંચે તેવો આ નવતર અને મહત્ત્વપૂર્ણ ખેડૂતલક્ષી કાર્યક્રમ છે. રાજ્ય સરકારે દેશની સૌથી મોટી એવી નર્મદા યોજનાનાં જળ ગામે ગામ, ખેતરે ખેતરે સારી રીતે પહોંચે તે માટે સતત પ્રયત્નો કર્યા છે. મુખ્ય કેનાલ, બ્રાન્ચ કેનાલ, માઈનોર કેનાલ દ્વારા વિવિધ વિસ્તારોમાં પાણી પહોંચાડવામાં આવતું હતું. પરંતુ સબ કેનાલ - ખુલ્લી કેનાલ દ્વારા પાણી ખેતરો સુધી પહોંચતા કરવાની બાબતે ખેડૂતોને પડતી કેટલીક મુશ્કેલીઓ સરકારના ધ્યાને આવી.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૨
સૂર્યાસ્ત : ૬.૨૬

### તાપમાન

મહત્તમ : ૨૩.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૦.૮ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૩૩ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
બેબી : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૨ :
ડૉલી કી ડોલી : ૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૩૦, ૫.૦૦, ૭.૩૦, ૧૦.૦૦
સ્ક્રીન-૩ :
આઈ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
તેવર : ૧.૩૦, ૭.૩૦

**સિનેમેક્સ,**

: સ્ક્રીન-૧ :
બેબી : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
: સ્ક્રીન-૨ :
બેબી : ૧૧.૦૦, ૨.૨૦, ૫.૪૦, ૯.૦૦
સ્ક્રીન-૩ :
ડૉલી કી ડોલી : ૧૦.૧૦
આઈ (હિન્દી) : ૧૨.૨૫
એલોન : ૪.૧૦
આ તે કેવી દુનિયા : ૬.૫૫
બેબી : ૯.૩૦
સ્ક્રીન-૪ :
ડૉલી કી ડોલી : ૧૦.૦૦, ૧.૨૦, ૩.૩૫, ૫.૫૦, ૮.૦૫, ૧૦.૨૦

**સિટીપલ્સ**

: સ્ક્રીન-૧ :
બેબી : ૩.૩૦, ૧૦.૦૦
ડૉલી કી ડોલી : ૭.૦૦
સ્ક્રીન-૨ :
બેબી : ૧૨.૩૦, ૬.૪૫
ડૉલી કી ડોલી : ૩.૪૫, ૧૦.૧૫
સ્ક્રીન-૩ :
ડૉલી કી ડોલી : ૧૧.૦૦, ૫.૦૦
બેબી : ૨.૦૦, ૮.૦૦
સ્ક્રીન-૪ :
ડૉલી કી ડોલી : ૧૦.૦૦
આઈ (હિન્દી) : ૧૨.૧૫
પી.કે. : ૪.૦૦
પતાસ (તેલુગુ) : ૭.૦૦
એલોન : ૧૦.૦૦
સ્ક્રીન-૫ :
બેબી : ૧૦.૦૦
ડૉલી કી ડોલી : ૧૨.૪૫
એલોન : ૩.૪૫
શરાફત ગઈ તેલ લેને : ૧૨.૩૦
આઈ : ૬.૩૦

### આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા- પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

### ચિરવિદાય

- સ્વ. શાંતિભાઈ સોમાભાઈ પટેલ (ઉ.વ.૭૫) મુ. મગોડી, તા.જી. ગાંધીનગર
- સ્વ. જગન્નાથ મગનલાલ રાવલ (ઉ.વ.૯૦) પ્લોટ નં. ૨૭૪/૧, સે-૭, ગાંધીનગર
- સ્વ. દેસાઈ વિમળાબેન બાબુલાલ (ઉ.વ.૮૫) ૨૮૮/૨, આશીર્વાદ ફલેટ, સે-૨૮, ગાંધીનગર
- સ્વ. પરમાર ધનજી કચરાભાઈ (ઉ.વ.૫૦) મુ. રૂપાલ, તા.જી. ગાંધીનગર
- સ્વ. સોલંકી લીલાબેન પુનમચંદ (ઉ.વ.૫૯) પ્લોટ ૪૬/૨, સે-૩એ, ગાંધીનગર